# મહેફીલ

**–મરીઝ**

## .1.

હું ક્યાં કહું છું આપની ‘હા’ હોવી જોઈએ ;
પણ ના કહો છો એમાં વ્યથા હોવી જોઈએ.

પુરતો નથી નસીબનો આનંદ ઓ ખુદા,
મરજી મુજબની થોડી મજા હોવી જોઈએ.

એવી તો બેદીલીથી મને માફ ના કરો,
હું ખુદ કહી ઉઠું કે સજા હોવી જોઈએ.

આ તારું દર્દ હો જો બીજાને તો ના ગમે,
હમણાં ભલે કહું છું દવા હોવી જોઈએ.

મેં એનો પ્રેમ ચાહ્યો બહુ સાદી રીતથી,
નહોતી ખબર કે એમાં કલા હોવી જોઈએ.

ઝાહેદ આ કેમ જાય છે મસ્જીદમાં રોજ રોજ,
એમાં જરાક જેવી મજા હોવી જોઈએ.

પૃથ્વીની આ વીશાળતા અમથી નથી ‘મરીઝ’,
એના મીલનની ક્યાંક જગા હોવી જોઈએ.

## .2.

તુજ બેવફાઈમાં છે વ્યથા કોણ માનશે !
જે જોઈ છે મેં તારી દશા કોણ માનશે ?

મારા ગુનાહો જોઈ, મને બેશરમ ન માન,
સાથે જ ભોગવું છું સજા કોણ માનશે ?

દીલ મારું, પ્રેમ મારો અને એમની શરત !
મેં ખુદ કહી છે કેટલી ‘ના’ કોણ માનશે ?

વરસો થયાં હું જેમની મહેફીલથી દુર છું,
ત્યાં પણ હજી છે મારી જગા કોણ માનશે ?

છે ખુશનસીબ વ્યક્ત કરે જે ઉદારતા,
દીલમાં રહી ગઈ તે દયા કોણ માનશે ?

જે વાત પર બધાએ શીખામણ દીધી 'મરીઝ',
સંમત હતો હું એમાં ભલા કોણ માનશે ?

**.3.**

કુદરતના ખેલ હાથમાં આવી નહીં શકે,
કળીઓને ગલીપચીથી હસાવી નહીં શકે.

મારા કવનનું આટલું ઉંડું મનન ન કર,
કંઈ યાદ થઈ જશે તો ભુલાવી નહીં શકે.

ના માંગ એની પાસે ગજાથી વધુ જીવન,
એક પળ એ એવી દેશે વીતાવી નહીં શકે.

અંતીમ દર્દ હોય તો આવે છે સ્તબ્ધતા,
સાચો વીરહ છે એ જે રડાવી નહીં શકે.

તે વેળા માન તારી મહત્તા બધી ગઈ,
જ્યારે તને કશુંય સતાવી નહીં શકે.

એવા કોઈ સમયને હું ઝંખું છું રાતદીન,
તું આવવાને ચાહે, ને આવી નહીં શકે.

એક જ સલામતી છે કે પડખામાં દીલ રહે,
એ બહાર જો જશે તો બચાવી નહીં શકે.

**.4.**

લેવા ગયો જો પ્રેમ તો વહેવાર પણ ગયો,
દર્શનની ઝંખના હતી, અણસાર પણ ગયો.

એની બહુ નજીક જવાની સજા છે એ,
મળતો હતો જે દુરથી સહકાર પણ ગયો.

રહેતો હતો કદી કદી ઝુલ્ફોની છાંયમાં,
મારા નસીબમાંથી એ અંધકાર પણ ગયો.

સંગતમાં જેની સ્વર્ગનો આભાસ હો ખુદા,
દોઝખમાં કોઈ એવો ગુનેગાર પણ ગયો.

એ ખુશનસીબ પ્રેમીને મારી સલામ હો,
જેનો સમયની સાથે હૃદયભાર પણ ગયો.

એ પણ છે સત્ય એની ઉપર હક નથી હવે,
એવુંય કંઈ નથી કે અધીકાર પણ ગયો.

સાકી છે સ્તબ્ધ જોઈ નશાની અગાઢ ઉંઘ,
પીનારા સાથે કામથી પાનાર પણ ગયો.

કેવી મજાની પ્રેમની દીવાનગી હશે !
કે જ્યાં 'મરીઝ' જેવો સમજદાર પણ ગયો

**.5.**

મેં તજી તારી તમન્ના તેનો આ અંજામ છે,
કે હવે સાચે જ લાગે છે કે તારું કામ છે.

છે સ્ખલન બે ત્રણ પ્રસંગોમાં મને પણ છે કબુલ,
કોણ જાણે કેમ આખી જીન્દગી બદનામ છે.

એક વીતેલો પ્રસંગ પાછો ઉજવવો છે ખુદા !
એક પળ માટે વીતેલી જીન્દગીનું કામ છે.

આપની સામે ભલે સોદો મફતમાં થઈ ગયો,
આમ જો પુછો બહુ મોઘાં અમારાં દામ છે.

જીન્દગીના રસને પીવામાં જલ્દી કરો 'મરીઝ',
એક તો ઓછી મદીરા છે, ને ગળતું જામ છે.

**.6.**

મને શ્રદ્ધા ભલે ને હોય કે ઈશ્વર બધાનો છે,
દુઆ એવી કરું છું જાણે મારો એકલાનો છે.

હવે કોઈ સુચન આપો કે ક્યાં નીકળી જવું મારે,
કે એ પોતે જ છે દુઃખમાં જે મારા મહેરબાનો છે.

સમયની લાજ રાખી ને ઘડીભર તો તમે આવો,
કે પળભરના ભરોસા પર અહીં આખો જમાનો છે.

કોઈ આ ભેદ ના કહેજો, ખુદા ખાતર સમંદરને,
ખુદા કરતાં વધુ વીશ્વાસ મુજને નાખુદાનો છે.

હવે એવી દુઆ છે કે કોઈ જોવા નહીં આવે,
હવે જોવા સમો નકશો અમારી દુર્દશાનો છે.

મરણ સુધરી ગયું મારું 'મરીઝ' આ એના શબ્દોથી,
કે એના બંધ આ હોઠોમાં, 'મારી દાસ્તાનો' છે.....

**.7.**

જ્યારે કલા, કલા નહીં, જીવન બની જશે,
મારું કવન જગતનું નીવેદન બની જશે .

શબ્દોથી પર જો દીલનું નીવેદન બની જશે,
તું પોતે તારા દર્દનું વર્ણન બની જશે .

જે કંઈ હું મેળવીશ હમેશાં નહીં રહે ,
જે કંઈ તું આપશે તે સનાતન બની જશે.

મીઠા તમારા પ્રેમના પત્રો સમય જતાં,
ન્હોતી ખબર કે દર્દનું વાચન બની જશે.

તારો સમય કે નામ છે જેનું ફકત સમય,
એને જો હું વીતાવું તો જીવન બની જશે .

તારું છે એવું કોણ કે માગે સ્વતંત્રતા !
મારું છે એવુ કોણ જે બંધન બની જશે ?

આંખો મીંચીને ચાલશું અંધકારમાં ‘મરીઝ’
શંકા વધી જશે તો સમર્થન બની જશે .

**.8.**

જ્યાં છે એ નક્કી વાત કે કોઈ અમર નથી,
અમૃત મળે તો શું કરું ? એમાં અસર નથી.

ખામી તમારા રુપમાં દેખાય છે હવે,
પહેલાં હતી જે, એવી અમારી નજર નથી.

ગઈકાલે શું થયું ભલા એનું તો ભાન ક્યાં ?
આજે શું થઈ રહ્યું છે મને કંઈ ખબર નથી !

પાગલપણું આ પ્રેમનું હદથી વધી ગયું,
તે શેરીમાં ફરું છું કે જ્યાં તારું ઘર નથી.

આ છુટવાની રીત કે મીત્રોએ કહી દીધું,
શું થઈ શકે કે જ્યાં તને તારી કદર નથી !

આવાગમન છે બન્ને જગતમાં સતત ‘મરીઝ’,
પુરી જે થાય એવી જીવનની સફર નથી.

**.9.**

જીન્દગીને જીવવાની ફીલસુફી સમજી લીધી,
જે ખુશી આવી જીવનમાં આખરી સમજી લીધી.

આટલાં વર્ષોની મહેનતનું પરીણામ આટલું !
તારા દીલની આછી આછી લાગણી સમજી લીધી.

દુઃખ તો એનું એ છે કે દુનીયાના થઈને રહી ગયા,
જેના ખાતર મારી દુનીયા મેં જુદી સમજી લીધી.

દાદનો આભાર, કીન્તુ એક શીકાયત છે મને,
મારા દીલની વાતને તેં શાયરી સમજી લીધી.

કંઈક વેળા કંઈક મુદ્દતને કશી માની નથી,
કોઈ વેળા એક પળને જીન્દગી સમજી લીધી.

કોણ જાણે કઈ દીશામાં જઈ રહી છે જીન્દગી,
રાહની સૌ ચીજને મેં પારકી સમજી લીધી.

એ હવે રહી રહીને માંગે છે પરીવર્તન ‘મરીઝ’,
મારી બરબાદીને મેં જેની ખુશી સમજી લીધી.

**.10.**

બસ, એટલી સમજ મને પરવરદીગાર દે,
સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વીચાર દે.

માની લીધું કે પ્રેમની કોઈ દવા નથી,
જીવનના દર્દની તો કોઈ સારવાર દે !

ચાહ્યું બીજું બધું તે ખુદાએ મને દીધું,
એ શું કે તારા માટે ફક્ત ઈન્તઝાર દે.

આવીને આંગળીમાં ટકોરા રહી ગયા,
સંકોચ આટલો ન કોઈ બંધ દ્વાર દે.

પીઠામાં મારું માન સતત હાજરીથી છે,
મસ્જીદમાં રોજ જાઉં તો કોણ આવકાર દે !

તે બાદ માંગ મારી બધીયે સ્વતંત્રતા,
પહેલાં જરાક તારી ઉપર ઈખ્તીયાર દે.

આ નાનાં નાનાં દર્દ તો થાતાં નથી સહન,
દે એક મહાન દર્દ અને પારાવાર દે.

સૌ પથ્થરોના બોજ તો ઉંચકી લીધા અમે,
અમને નમાવવા હો તો ફુલોનો ભાર દે.

દુનીયામા કંઈકનો હું કરજદાર છું 'મરીઝ',
ચુકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે.

## મુક્તકો

પ્રસ્વેદમાં પૈસાની ચમક શોધે છે,
હર ચીજમાં એક લાભની તક શોધે છે;
આ દુષ્ટ જમાનાનું રુદન શું કરીએ,
આંસુમાં ગરીબોનાં નમક શોધે છે !

*

જણસ અમુલી અમસ્તી બનાવી નાખી છે,
પરાયા શહેરમાં વસતી બનાવી નાખી છે;
જગતના લોકમાં જ્યારે ગજુ ન જોયું 'મરીઝ',
મેં મારી જાતને સસ્તી બનાવી નાખી છે.

*

આ મહોબ્બત છે કે છે એની દયા, કહેતા નથી,
એક મુદ્દત થઈ કે તેઓ 'હા' કે 'ના' કહેતા નથી;
બે જણા દીલથી મળે તો એક મજલીસ છે 'મરીઝ'
દીલ વીના લાખો મળે એને સભા કહેતા નથી.

*

પાણીમાં હરીફોની હરીફાઈ ગઈ,
શક્તી ન હતી, અલ્પતા દેખાઈ ગઈ;
દરીયાનું માપ કાઢવા, નાદાન નદી,
ગજ એનો લઈ નીકળી, ખોવાઈ ગઈ !

*

શ્રદ્ધાથી બધો ધર્મ વખોડું છું હું,
હાથે કરી તકદીરને તોડું છું હું;
માંગું છું દુઆ એ તો ફક્ત છે દેખાવ,
તુજથી ઓ ખુદા, હાથ આ જોડું છું હું.

*

વાસી અબ્બાસ અબ્દુલઅલી, 'મરીઝ'



**વાસી અબ્બાસ અબ્દુલઅલી, 'મરીઝ'** (૨૨-૧-૧૯૧૭, ૧૯-૧૦-૧૯૮૩) : ગઝલકાર. જન્મ સુરતમાં, અભ્યાસ બે ધોરણ સુધી, વ્યવસાયે પત્રકાર. એમણે થોડીક નઝમો અને મોટી સંખ્યામાં ગઝલો લખી છે, જેમાંની અનેક બીજાઓને વહેંચેલી-વેચેલી એમ કહેવાય છે. પરીણામે થોડીક જ એમના નામે ગ્રંથસ્થ છે. એમનો પ્રથમ ગઝલસંગ્રહ 'આગમન' (૧૯૭૫) અને બીજો 'નકશા' (મરણોત્તર, ૧૯૮૪) છે. આ ઉપરાંત અન્ય સાથે એમની રચનાઓ 'દીશા' (૧૯૮૦)માં સંપાદીત થયેલી છે.

'મરીઝ'ની ગઝલ એની સ્વરુપગત મર્યાદાઓને અતીક્રમી ઉંચી કવીતા સીદ્ધ કરી શકી છે. એમની ગઝલોમાં ઉત્તમ શેરોની સંખ્યા ઘણી છે. કેટલીક તો સાદ્યાન્ત સીદ્ધ ગઝલો છે. એમણે જીવન વીશે, પોતાની અવદશા વીશે, ભગ્નપ્રણયની વ્યથા વીશે, દોસ્તો વીશે અને પરવરદીગાર વીશે કલાત્મક અભીવ્યક્તીવાળા અશઆર આપ્યા છે, જેમાંના ઘણા યાદગાર છે. એમના શેરની વીશેષતા એ છે કે તે સાદી સરળ વાણીમાં અર્થઘન અને માર્મીક વાત કહે છે. એમાં કવીનો મર્મ કે ક્યારેક કટાક્ષ એવી રીતે ધ્વનીત થતો હોય છે કે તે સહસા પમાય નહીં. આમ, ઉંડાણ અને અસરકારકતાના ગુણોને કારણે કાવ્યરસીકો એમને 'ગાલીબ' સાથે સરખાવવા પ્રેરાયા છે. તેઓ ગુજરાતી ગઝલક્ષેત્રે સાચકલી કવીતાના સર્જક છે.

**-હેમંત દેસાઈ** (વિકીપીડિયામાં મૂકવામાં આવેલી આ માહિતી

http://www.gujaratisahityaparishad.com/prakashan/sarjako/savishesh/Savishesh-Mareez.html

પરથી સાભાર..)

'સન્ડે ઈ-મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ) gaurang_charu@yahoo.com( નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ-મહેફીલ - 'વર્ષઃ આઠમું - અંક : 262 – January 27, 2013

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકનઃ શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@@@@@@@